ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૬૧ ટકા

# શહેરમાં છઠ મહાપૂજાનું ભાવપૂર્ણ આયોજન

**સતત બીજા વર્ષે સેક્ટર-૧૩માં યોજાયેલ છઠ મહાપૂજામાં ઉત્તર તથા પૂર્વાંચલના ભારતીય પરિવારોએ મોટી સંખ્યામાં ભાગ લીધો : કેડસમા પાણીમાં ઉભા રહી મહિલાઓએ સૂર્યદેવને 'અર્ઘ્ય' ચઢાવી ભોગ ધરાવ્યો**




ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં ઉત્તર તથા પૂર્વોત્તર ભારતીય પરિવારો દ્વારા આજે અત્યંત મહત્વની છઠ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. છઠ પૂજા સમિતિ દ્વારા સતત બીજા વર્ષે આયોજિત આ પૂજામાં પોતાના પરિવારના કલ્યાણ અર્થે આશરે ૫૦થી વધુ મહિલાઓ તથા પુરુષોએ શ્રધ્ધાપૂર્વક સૂર્યનારાયણ ભગવાનની આરાધના કરી તેમને પ્રસાદ ભોગ ચઢાવ્યો હતો.

ઉત્તર ભારતના બિહારથી માંડીને ઝારખંડ, પશ્ચિમ બંગાળ ઉપરાંત પૂર્વોત્તર રાજયોમાં કારતક માસના પ્રથમ ચરણમાં યોજાતી આ પૂજા ખૂબ જ લોકપ્રિયતા સાથે ખૂબ ધાર્મિક મહત્વ ધરાવે છે. આ મહાપૂજા આમ તો ચાર દિવસની હોય છે જેમાં સૂર્ય ષષ્ઠીના દિવસનું સૌથી વધુ મહત્વ હોય છે. સૂર્યષષ્ઠીના દિવસે અસ્ત પામી રહેલા સૂર્યને 'અર્ઘ્ય' આપવામાં આવે છે અને જે શ્રધ્ધાળુ પૂજા કરે છે તે તેના પરિવારની કુશળતા, દિર્ઘાયુ અને કલ્યાણની કામના કરે છે. આ પૂજા નદી કે તળાવમાં કમર સુધીમાં પાણીમાં ઉભા રહી કરવામાં આવે છે પરંતુ ગાંધીનગરમાં આ માટે યોગ્ય સ્થળ ના હોવાથી સેકટર-૧૩માં લાંબો નહેર જવો ખાડો ખોદી તેમાં પાણી ભરી આ પૂજાનું આયોજન કરવામાં આવ્યુંહતું. આ પૂજામાં આશરે ૫૦થી વધુ મહિલાઓ સહિત પુરુષોએ ભાગ લીધો હતો.

કારતક માસની ચોથથી ચાલુ થયેલ છઠ મહાપૂજામાં આજે સે-૧૩માં ખુલ્લા કોમન પ્લોટમાં આયોજિત છઠ મહાપૂજામાં મહિલાઓએ સોળે શણગાર સજી અસ્ત પામી રહેલા સૂર્યદેવને રીઝવવા કેડ સમા પાણીમાં ઉભા રહી મુખ્ય પ્રસાદ 'ઠકુવા' અને ફળફળાદિ તથા મિઠાઈનો ભોગ ધરાવ્યો હતો. આ મહાપૂજાનું અંતિમ ચરણ આવતી કાલે સવારે ૫ વાગ્યાથી પ્રારંભ થશે જેમાં ઉદય પામી રહેલા સૂર્યદેવની પૂજા કરાશે. શ્રધ્ધાળુ મહિલાઓ સાથે તેમના પરિવારો સહિત મોટી સંખ્યામાં ઉત્તર તથા પૂર્વોત્તર ભારતીય નાગરિકો આ પૂજામાં ઉમટી પડયા હતા.

## સૂર્યનારાયણને ઠકુવા-કેળાંનો ભોગ ધરાવાયો

છઠ પૂજા આયોજક સમિતના રંજનકુમારે જણાવ્યું હતું કે આ મહાપૂજામાં ગોળ અને લોટથી બનાવેલી વાનગી જેને 'ઠકુવા' કહેવાય છે તેનો અને કેળાનો મુખ્ય ભોગ ધરાવાય છે. આ સાથે અન્ય મૌસમી ફળો અને મિઠાઈનો પણ શ્રધ્ધાળુઓ પોતાની આસ્થા અનુસાર ભોગ ધરાવે છે. આ મહાપૂજામાં ડૂબતા સૂર્યની પૂજા કરી 'અર્ઘ્ય' આપવાનું સૌથી વધુ મહત્વ રહેલું છે.

## @ગાંધીનગર

● શ્રી જલારામ બાપાની ૨૧૮મી જન્મ જયંતિ નિમિત્તે જલારામ ધામ સે-૨૯ ખાતેથી ભવ્ય શોભાયાત્રા સવારે ૮ કલાકે નીકળશે ત્યાર બાદ દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના સેકટરોના જે આંતરિક રસ્તાઓનું મરામત કાર્ય દિવાળીના લીધે અટકયું હતું જ હવે કારીગરો પરત થતા હવે સાતમથી ફરી શરુ થશે. સેકટર-૩ અને ૪ના માર્ગોનું બાકી કામ પણ બે દિવસમાં ચાલુ થનાર છે.

● ચુંટણીની જાહેરાત પૂર્વે સરકાર દ્વારા બદલી બઢતીઓનો જે દૌર હાથ ધરાયો હતો તેમાં ગાંધીનગરના આરોગ્ય વિભાગના આરસીએચ પ્રોગ્રામ લાયઝન ઓફિસર ડૉ. એન.પી. જાનીને પણ બઢતી આપવામાં આવી છે. ડૉ. જાનીને હવે આરોગ્ય વિભાગમાં યોજનાના મદદનીશ નિયામક તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં કેન્દ્ર સરકારના સારી ગુણવત્તા વાળી જનરિક દવાઓ દર્દીઓને સસ્તા ભાવે મળી રહે તો હેતુથી ચાલુ કરાયેલ જનઔષધિ સ્ટોર્સમાં મોટાભાગની જરુરી દવાઓનો સ્ટોક જ ઉપલબ્ધ નથી. દવાઓ સ્ટોકમાં ના હોવાને કારણે દિવાળીની રજાઓમાં વરિષ્ઠ નાગરિકો સહિત અન્ય દર્દીઓને ભારે મુશ્કેલી ભોગવવી પડી હતી.

● ગાંધીનગર રેન્જ આઈજીએ સપાટો બોલાવતા સસ્પેન્ડ કરેલા પીઆઈ એલ.ડી. વાઘેલાને તાજેતરમાં જ રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત થયેલો છે. આ પીઆઈ માંદગીની રજા પર હોવાથી તેમના સસ્પેન્શન ઓર્ડરની બજવણી થઈ શકી નથી.

● ગાંધીનગર પોલીસ વડામાં થયેલી બદલીઓમાં એસઓજી પીઆઈ તરીકે પરેશ સોલંકી, સીપીઆઈ તરીકે આર.એલ. વાઘેલા અને ચિલોડાના પીઆઈ તરીકે નિરજ પટેલને નિમવામાં આવ્યા છે.

# ખોરજના હુડકો વિસ્તારમાં ટીબી જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર જિલ્લાના ખોરજ ગામે હુડકો વિસ્તારમાં જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબી જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ટીબી



રોગના લક્ષણો તેનું નિદાન-સારવાર તથા રોગ સંબંધી તમામ જાણકારીઓ અંગે સચોટ માહિતી આપવામાં આવી હતી. આ સાથે અન્ય તકવાદી રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ વગેરે અંગે પણ ગ્રામજનોને માહિતગાર કરાયા હતા તથા સ્વચ્છતા અને વ્યસન મુકિત અંગે સમજણ પુરી પાડવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ડૉ. અસ્મિતા પરમાર અને આનંદ પટેલે હાજરી આપી હતી.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા 'સાયન્સ ટેલેન્ટ વર્કશોપ' યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દિવાળી વેકેશનમાં વિદ્યાર્થીઓ પોતાની રજાઓનો સદઉપયોગ કરી વિજ્ઞાન ક્ષેત્રે વધુ કંઈ શીખે તે હેતુથી ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તા. ૨૭-૧૦-૧૭ થી ૩૧-૧૦-૧૭ સુધી સવારે ૯.૦૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન વિજ્ઞાન કેન્દ્ર ખાતે 'સાયન્સ ટેલેન્ટ વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ સાયન્સ વર્કશોપમાં વિદ્યાર્થીઓની પસંદગીના મોડેલ રોકેટરી વર્કશોપ, એરો મોડેલીંગ વર્કશોપ, મેચસ્ટીક મોડેલ મેકીંગ વર્કશોપ, ટેનગ્રામ વર્કશોપ અને ફન વિથ મેથ્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં ૧૦થી ૧૫ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. મોડેલ રોકેટરી વર્કશોપમાં વિદ્યાર્થીઓ ચાર્ટ પેપર અને કાર્ડ પેપરમાંથી સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ બનાવશે તેમજ રોકેટના વિવિધ ભાગો અને તેની આંતરિક રચના સમજાવવામાં આવશે તેમજ રોકેટ વિજ્ઞાનની વિસ્તૃત માહિતી આપવામાં આવશે.

એરો મોડેલીંગ વર્કશોપમાં વિદ્યાર્થીઓ ભારતીય વાયુદળના વિવિધ ફાઈટર પ્લેન જેવા કે વસંત, ગ્રીષ્મા, મીગ, જગુઆર વગેરેના મોડેલ પેપરમાંથી બનાવશે તેમજ પ્લેનની રચના, કાર્યપધ્ધતિ અને તેની પાછળના વિજ્ઞાનને વિસ્તૃત રીતે સમજશે.

મેચસ્ટીક મોડેલ મેકીંગ વર્કશોપમાં વિદ્યાર્થીઓ દિવાસળી અને સાયકલની વાલટયુબમાંથી વિવિધ ટુ ડાઈમેન્શન અને થ્રી ડાઈમેન્શન મોડેલ બનાવશે. ફનવિથ મેથ્સ વર્કશોપમાં વિદ્યાર્થીઓને અઘરો લાગતો ગણિત વિષય અને તેના સૂત્રોમાંથી ચોરસ, લંબચોરસ, ત્રિકોણ, પિરામીડ, શંકુ વગેરે કાગળમાંથી બનાવતા શીખડાવવામાં આવશે અને તેના ગાણિતિક સૂત્રોની સમજ આપવામાં આવશે.

આ વર્કશોપ અંગે વધુ માહિતી માટે નિસર્ગ સાયન્સ સેન્ટર, બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સેકટર-૨૩ ખાતે રૂબરૂ સંપર્ક સાધવા જણાવાયું છે.

# પેથાપુરમાં રહેતા યુવાનનો ગળે ફાંસો ખાઈ આપઘાત

**પંખે દુપટ્ટો બાંધી કોઈ કારણોસર અંતિમ પગલું ભર્યું**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક પેથાપુર ખાતે ચરેડી વડ પાસે રહેતા ૨૦ વર્ષીય એક યુવાને આજે સવારે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર પંખે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. યુવાને કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ બહાર આવી નથી. પોલીસને ઘટનાની જાણ થતાં મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ પેથાપુરના ચરેડી વડ ખાતે રહેતા ૨૦ વર્ષીય દિવ્યરાજસિંહ અજીતસિંહ ડાભીએ આજે સવારે ૧૧ વાગ્યા પહેલા કોઈ પણ સમયે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર અંતિમ પગલું ભરી લીધું હતું. પોતાના રૂમના પંખે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ લેનાર યુવાન અંગે પરિવારજનોને જાણ થતા અવાક થઈ ગયા હતા. ઘટના અંગે પેથાપુર પોલિસને જાણ કરવામાં આવતા જમાદાર ધનજીભાઈ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાત કરવા પાછળનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

## જન્મદિને વધામણી



**કનૈયાલાલ બાલાશંકર ઉપાધ્યાય**
**મો. ૯૭૨૬૩૩૨૧૩૪**



**અનિલ જયસિંઘાણી**
**પૂર્વ પ્રમુખ, લાયન્સ કલબ ડીઓ, એલઆઈસી**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક




ગાંધીનગરમાં સુરમધુર સંસ્થા દ્વારા ઘણા વર્ષોથી દર લાભ પાંચમના દિવસે શહેરના તમામ ક્ષેત્રના કલાકારોનો સ્નહ મિલન સમારંભ યોજવામાં આવે છે. આ સ્નેહમિલન પાછળનો હેતુ જેમ વ્યવસાયિકો લાભ પાંચમે પોતાના વેપાર-ધંધાનું મુહુર્ત કરે છે તેમ કલાકારોને પણ એક મંચ પુરું પાડી તેમની કલાનું મુહુર્ત કરાવવાનો હોવા સાથે કલાકારોનું સન્માન કરવાનો હોય છે. આ વર્ષે આ સમારંભમાં ઉપસ્થિત ગુજરાત ગૌરવ પુરસ્કાર વિજેતા નાટયકાર અપ્સર સૈયદનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના નાટય, નૃત્ય, સંગીત સહિતની કલાના નામી-અનામી તથા નવોદિત કલાકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તથા દરેકે પોતાની એક એક કૃતિ રજૂ કરી નૂતનવર્ષનું મુહુર્ત કર્યું હતું.

# સંસ્કાર ગૃપના બાળકોએ મુખ્યમંત્રી અને રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૬

સંસ્કાર ગૃપના બાળકો દ્વારા દિવાળી અને નૂતનવર્ષની ઉજવણી કરવામાં આવી હતી. ગૃપ દ્વારા સેકટર-૭ના બગીચામાં વૃક્ષની આજુ-બાજુ ફૂલોની સુશોભન કરી દિપમાળા કરવામાં આવી હતી. ગૃપના પ્રમુખ દ્વારા બાળકોને યુવાનોને નવુ વર્ષ સુખદાયી, ફળદાયી, લાભદાયી નિવડે તેવી શુભેચ્છા આપી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને રાજયપાલ ઓ.પી.કોહલીને મળ્યા હતા. બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ ચાર્ટ પેપર( શુભેચ્છા સ્લોગન) આપીને ગૃપની પ્રવૃતિ વિશે માહિતગાર કર્યા હતા. મુખ્યમંત્રીએ વિવિધ પ્રવૃતિ બદલ ગૃપને અભિનંદન પાઠવ્યા હતા. ગૃપના બાળકોએ રાજયપાલને શુભેચ્છા કાર્ડ અર્પણ કરતા તેઓએ બાળકોને આશિર્વાદ આપ્યા હતા અને બાળકોને જોઈ આનંદિત થયા હતા. શુભેચ્છા મુલાકાતનો ગૃપનો કાર્યક્રમ સફળ રહ્યો તેમ પ્રમુખે જણાવ્યું છે.



રાજય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૧૭ અંતર્ગત રાજય કક્ષાની પુરુષ વિભાગની ફુટબોલ સ્પર્ધા ઓપનએજ કેટેગરી માટે આજે યોજાઈ હતી. આ સ્પર્ધા સેકટર-૧૫માં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ફુટબોલ ગ્રાઉન્ડ પર યોજવામાં આવી હતી જેમાં રાજયભરના યુવા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

# સિવિલ તંત્ર ઉચ્ચ અધિકારીઓની સેવામાં વ્યસ્ત : દર્દીઓ પરેશાન

ગાંધીનગર, તા.૨૬

રાજયના પાટનગરમાં ઉચ્ચ અધિકારીઓ રૂઆબ છાંટતા નજરે પડે છે. પાટનગરમાં વસતા હોવાથી દરેક માણસ આગવા અંદાજમાં ફરતો હોય છે. ત્યારે શહેરમાં મેડીકલ કોલેજ બનતા આરોગ્યલક્ષી સેવામાં વધારો થવા પામ્યો છે. પરંતુ તેની સાથો સાથ ઉચ્ચ અધિકારીઓનો ત્રાસ વધી જવા પામ્યો છે.સામાન્ય તાવ, ઝાડા-ઉલ્ટી કે બીપી માપવાનું હોય અથવા ઈજા પહોચી હોય તો પણ અધિકારીઓ ડોકટર્સને ઘરે બોલાવી સેવાચાકરીનો આગ્રહ રાખતા હોય છે. જેને પગલે સિવિલમાં આવતા ગરીબ દર્દીઓને હેરાન પરેશાન થવાનો વારો આવે છે. મેડીકલ ઓફિસર વીવીઆઈપીમાં ગયા હોવાથી એક-બે કલાક સિવાય છુટકારો થતો નથી તેવી સ્થિતિમાં ગરીબ દર્દીઓની હાલત કફોડી બની જાય છે. ઉચ્ચ અધિકારીઓ આગળ સિવિલ તંત્ર પણ ના છુટકે લાચારી અનુભવી રહ્યું છે.

ગાંધીનગર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલની ઓપીડી અને ઈન્ડોર વિભાગ દર્દીઓથી ઉભરાય છે. મેડીકલ કોલેજને પગલે દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સેવામાં સુધારો થવા પામ્યો છે. જિલ્લાના દર્દીઓ માટે સિવિલ આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. ત્યારે ગાંધીનગર હોવાથી ઉચ્ચ અધિકારીઓનો તોટો નથી તેમ સામાન્ય આરોગ્યલક્ષી સેવા મેળવવા માટે પણ અધિકારીઓ મેડીકલ ઓફિસરને ઘરે બોલાવવાનો આગ્રહ રાખતા હોય છે. જેને પગલે મેડીકલ ઓફિસર ઉચ્ચ અધિકારીની સેવામાં જતા સામાન્ય દર્દીઓને સારવાર મેળવવામાં વિલંબ થાય છે. સિવિલ તંત્રના અધિકારીઓની સ્થિતિ પણ કોઈને કહી શકતા નથી અને રહી પણ શકતા નથી તેવી થાય છે. ઉચ્ચ અધિકારીઓ આગળ સિવિલ તંત્ર પણ લાચાર હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં સિવિલમાંથી એક દર્દીને અમદાવાદ રીફર કરાયો હતો પરંતુ એમ્બ્યુલન્સ લઈને મેડીકલ ઓફિસર ઉચ્ચ અધિકારી ને ત્યા ગયા હોવાથી દર્દીને રાહ જોવાનો વારો આવ્યો હતો. ઉચ્ચ અધિકારીની સેવામાં સામાન્ય દર્દીઓને હેરાન થવોનો વારો આવે છે તેમ સિવિલ કેમ્પસમાં ચર્ચાઈ રહ્યું હતું.

# એચએસઆરપી નંબર પ્લેટ ન લગાવી હોય તેવા વાહન માલિકો માટે ખાસ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર આર.ટી.ઓ કચેરી ખાતે તા. ૨૮,૨૯ અને ૩૧મી ઓકટોબર, ૨૦૧૭ દરમ્યાન એચએસઆરપી ન લાગવી હોય તેવા નવા વાહનો માટે ખાસ એચએસઆરપી ફીટ કેમ્પનું આયોજન સવારના ૧૦.૦૦ કલાક થી સાંજના ૪.૦૦ કલાક સુધી કરવામાં આવ્યું છે. આ કેમ્પની નોંધણી માટે મોબાઈલ નંબર – ૮૪૦૧૮૨૧૦૪૭ અને ૯૭૧૪૫૪૪૩૦૦ પર સંપર્ક કરવાનો રહેશે. તમામ વાહન ધારકોને આવીને તમારા વાહનમાં એચએસઆરપી નંબર પ્લેટ લગાવી જવા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. સોલંકી સવાભાઈ કરશનભાઈ, ઉ.વ. ૯૨
- સ્વ. દિવ્યરાજસિંહ અજીતસિંહ ડાભી, ઉ.વ. ૨૦